Extra No. 182

सत्यमेव जयते

# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
## [PUBLISHED BY AUTHORITY]

**Vol. LXVII ]** **FRIDAY, JULY 10, 2026 / ASADHA 19, 1948**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART -I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**વંચાણે લીધા:-**

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ), મોડાસાના જાવક નં.પીબી/૧૮૧૯/૨૦૨૬, તા. ૦૮/૦૬/૨૦૨૬

(૨) અત્રેની કચેરીના પત્ર નં. એમ.એ.જી/બ્રિજ/વશી/૩૬૧ થી ૩૬૪/૨૦૨૬, તા. ૧૬/૦૬/૨૦૨૬

(૩) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાનાઓના પત્ર ક્રમાંક: LIB/ભારે વાહન/ પ્રતિબંધ/અભિપ્રાય/૧૧૬૨/ ૨૦૨૬, તા. ૦૮/૦૭/૨૦૨૬

(૪) સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, બાયડના પત્ર ક્રમાંક નં. એમએજી/બ્રિજ/વશી/૦૬/૨૦૨૬, તા. ૨૨/૦૬/૨૦૨૬

(૫) એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટશ્રી, ધનસુરાનાઓના પત્ર નં. એમએજી/ બ્રિજ/અભિપ્રાય/વશી/૨૮૩/૨૦૨૬, તા. ૧૯.૦૬.૨૦૨૬

(૬) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) નો ખંડ (ખ)

(૭) મોટર વાહન અધિનિયમ-૧૯૮૮

**-:જાહેરનામું:-**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) ના ખંડ (ખ) હેઠળ**

નં.એમ.એ.જી./કરણપુર-બારડીયા બ્રિજ/જાહેરનામું/વશી/૬૪૪ થી ૬૫૬/૨૦૨૬.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) મોડાસાના દ્વારા વંચાણ-૧ની વિગતે તેઓની કચેરી હસ્તકના ધનસુરા-માલપુર રોડ કી.મી.૩૮/૫૦૦ થી ૫૨/૨૦૦ના અનુભાગ કી.મી. ૫૧/૮૦૦ પર આવેલ કરણપુર-બારડીયા માઈનોર બ્રિજનું આલેખન વર્તુળના ગાંધીનગરના પ્રતિનિધિ દ્વારા તા.૨૫/૧૧/૨૦૨૫ના રોજ ઈન્સ્પેકશન કરવામાં આવેલ છે. જેમાં બ્રીજના ૩-સ્પાનના સુપર સ્ટ્રકચરનું રીપ્લેસમેન્ટ કરી નવીન બાંધકામ સુચવેલ છે. તેમજ બ્રીજની કન્ડીશન Poor જણાવેલ છે. જે ધ્યાને રાખી તેઓની કચેરીએથી સદર નવીન બ્રીજના બાંધકામ અર્થે રૂા. ૧૩૦૦/- લાખની દરખાસ્ત કરવામાં આવેલ છે. સદર બ્રીજનું આલેખન વર્તુળ ગાંધીનગરના પ્રતિનિધ દ્વારા પુન: તા.૧૬/૦૫/૨૦૨૬ના રોજ ઈન્સ્પેકશન કરવામાં આવતા બ્રીજની કન્ડીશન Poor જણાવી હયાત બ્રીજના રીપેરીંગના નિર્ણય બાબતે એન.ડી.ડી. ટેસ્ટનું સુચન કરેલ હતું. એન.ડી.ડી ટેસ્ટ કરાવવામાં આવેલ છે. જે મુજબ હાલ સદર બ્રીજના ૩-સ્પાનના સુપર સ્ટ્રકચરના ગર્ડરમાં ક્રેક ઉદભવેલ છે. તેમજ પીયર ઉપર ગર્ડરના છેડે કોંક્રીટનું કશીંગ થયેલ છે. ડેક સ્લેબ તેમજ ડેક સ્લેબના કેંટીલેવેર પોર્શનમાં

કોંક્રીટના પોપડા પડી સ્ટીલ ખુલ્લુ થઈ ગયેલ છે. હાલ સદર બ્રીજની પરિસ્થિતિ Poor હોય બ્રીજ ઉપર ભારે વાહનો પસાર થવા યોગ્ય જણાતા નથી. જેથી સદર બ્રિજ પર ભારે વાહનો બંધ કરવા માટે જાહેનામું પ્રસિધ્ધ કરવા અત્રેની કચેરીએ દરખાસ્ત કરેલ.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), મોડાસાની ઉક્ત દરખાસ્ત બાબતે સદર બ્રિજ ભારે વાહનો માટે બંધ કરી ડાયવર્ઝન આપવાનું થતું હોઈ વંચાણ-૨થી સંબંધિત અધિકારીશ્રીઓના અભિપ્રાય મંગાવવામાં આવેલ. જે અન્વયે વંચાણ-૩ થી ૫ ની વિગતે સંબંધિત અધિકારીશ્રીઓ દ્વારા આ કામે હકારાત્મક અભિપ્રાય રજુ થયેલ છે. આમ ઉપરોક્ત વિગતે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), અરવલ્લી-મોડાસાની દરખાસ્ત તથા વંચાણ-૩ થી ૫ થી સંબંધિત અધિકારીશ્રીઓના રજુ થયેલ અભિપ્રાય ધ્યાને લેતા નાગરિકોના જાહેર હિત તથા જાહેર સલામતી માટે ધનસુરા-માલપુર રોડ કી.મી.૩૮/૫૦૦ થી ૫૨/૨૦૦ના અનુભાગ કી.મી. ૫૧/૮૦૦ પર આવેલ કરણપુર-બારડીયા માઈનોર બ્રિજ પર ભારે વાહનો બંધ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવું ઉચિત જણાય છે.

આથી હું મિલિન્દ બાપના, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) ના ખંડ (ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ધનસુરા-માલપુર રોડ કી.મી.૩૮/૫૦૦ થી ૫૨/૨૦૦ના અનુભાગ કી.મી. ૫૧/૮૦૦ પર આવેલ કરણપુર-બારડીયા માઈનોર બ્રિજ પર થી મોટર વ્હીકલ એકટ-૧૯૮૮ મુજબ ભારે વાહનની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતા તમામ પ્રકારના નોંધાયેલા ભારે વાહનોને પસાર થવા માટે પ્રતિબંધ ફરમાવી ભારે વાહનો માટે નીચે મુજબના વૈકલ્પિક ડાયવર્ઝનનો ઉપયોગ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

1. ધનસુરા થી માલપુર તરફ જતા ભારે વાહનોને ધનસુરા થી મોડાસા થઈને માલપુર તરફ પસાર કરવા

2. ધનસુરાથી અણિયોર તરફ જતા ભારે વાહનોએ ધનસુરા થી ડુંગરવાડા-અમલાઈ થઈને અણિયોર તરફ પસાર કરવા

3. માલપુર થી ધનસુરા તરફ જતા ભારે વાહનો માટે અણીયોર થી મોડાસા થઈને પસાર કરવા

4. માલપુર થી બાયડ તરફ જતા ભારે વાહનો માટે અણીયોર થી ઉભરાણ તરફ થઈને પસાર કરવા

સદર જાહેરનામાની મુદ્દત જાહેરનામાની તારીખથી ૬૦ દિવસની રહેશે.

પોલીસ અધિકારીશ્રીઓ તથા આરટીઓના અધિકારીશ્રીઓએ સદર સ્થળ પર ટ્રાફિક નિયમન, અકાસ્માત નિવારણ અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા, કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને સદર હંગામી પ્રતિબંધનો સુચારૂ અમલ થાય તે માટે તાત્કાલિક ધોરણે યોગ્ય આયોજન કરવાનું રહેશે. સ્થળોએ ટ્રાફિક પોઈન્ટ નિયત કરી વોકી-ટોકી સેટ સાથે ટ્રાફિક કર્મચારીઓ મૂકવાના રહેશે. કાર્યપાલક ઈજનેરશ્રી,માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), મોડાસા દ્વારા સદરહું જાહેરનામા અન્વયે તેમના/પોતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ડાયવર્ઝન માર્ગ પર ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ સૂચનાઓ લગાવવાના રહેશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા, ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાના ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**મિલિન્દ બાપના,**
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

---



Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.06 17:26:30 IST